## મચ્છરને થોડી ખબર છે કે આ સિવિલની હદ છે કે સુરત મહાનગર પાલિકાની?






■ સુરત : સિવિલમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધે તે સ્વાભાવિક બાબત છે. તાજેતરમાં જ સુરત મહાનગર પાલિકા સિવિલ હોસ્પિટલને આ બાબતે નોટિસ આપીને ભૂલી ગઇ છે. હવે ખુલ્લેઆમ ભરાયેલા ખાબોચિયા અધિકારીઓને દેખાતા નથી અને લોકોના ઘરમાં ઘૂસી ઘૂસીને અંડરગ્રાઉન્ડ ટાંકીઓની બેટરી મારી મારીને તપાસ કરે છે. હવે મચ્છરને થોડી ખબર પડે કે આ પાલિકાની હદ છે કે સિવિલની? **તસવીર:સતીષ જાદવ**

# ભાઈના સાળાની દીકરી સાથે સંબંધ રાખનાર વેપારીનું અપહરણ

**પોલીસે** ગણતરીના કલાકમાં વેપારીને જોધપુરથી મુક્ત કરાવ્યો

સુરતઃ પોતાના સગા ભાઇના સાળાની પરિણીત દીકરી સાથે અનૈતિક સંબંધ રાખનાર સુરતના યુવકનું યુવતીના ભાઈએ અપહરણ કરી રાજસ્થાન લઈ જતા ડિંડોલી પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસે ગણતરીના કલાકોમાં વેપારીને જોધપુરથી અપહરણ કરતાની ચુંગલમાંથી છોડાવવામાં સફળતા મળી હતી.

ડિંડોલી આનંદી સોસાયટીમાં રહેતા મુળ રાજસ્થાનના ધનરાજ દાનારામના લગ્ન રાજસ્થાનના પૂંચ ગામે રહેતી યુવતી સાથે થયા છે. ધનરાજના મોટાભાઈ નારાયણના લગ્ન જોધપુરમાં રહેતા જગદીશ ખતારામ સુથારની બહેન પપ્પુ દેવી સાથે થયા છે. વતનમાં સામાજિક પ્રસંગ હોવાથી ધનરાજ અવારનવાર જગદીશભાઈ ના ઘરે જતો હતો . દરમિયાનમાં જગદીશભાઈની પરિણીત પુત્રી પિંકી સાથે ધનરાજની આંખ મળી હતી અને તેમની વચ્ચે પ્રેમ થયો હતો. તેમના આ અફેરની જાણ પિંકીના ભાઈ મુકેશને થઈ ગઈ હતી. જેથી તે અવારનવાર સંબંધ તોડી નાંખવા માટે કહેતો હતો. આશરે પંદર દિવસ પહેલા મૂકે છે ધંધાદને ફોન કરીને સંબંધ તોડી નાખવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતની જાણ ધનરાજે તેના બીજા ભાઈ કનીરામને જાણ કરી હતી. જોકે, ત્યારે એ લોકોએ આ વાતને ગંભીરતાથી લીધી નહોતી. દરમિયાનમાં ગઈકાલે બપોરે 12 વાગ્યાના અરસામાં ધનરાજ પોતાની કાર લઈને દેલાડવા ગામ આનંદી સોસાયટી પાસે સર્વભૂમિ બંગલા પાસે હતો. ત્યારે મુકેશ તેના સાગરીતો સાથે કારમાં આવ્યો હતો અને ધનરાજને તેની કરમાંથી બહાર કાઢી અપહરણ કરી જબરજસ્તી પોતાની સાથે લઈ ગયો હતો. ધનરાજ નું અપહરણ થયું હોવાની જાણ થતા ધનરાજના મોટાભાઈ ગોવિંદ રામે તને ફોન કર્યો હતો પણ ફોન બંધ આવ્યો હતો. ત્યારબાદ ગોવિંદરામના ભત્રીજા જયેશ પર મુકેશ નો ફોન આવ્યો હતો. અને ધનરાજ મારી પાસે છે, બે દિવસ પછી જોધપુર થી સહી સલામત મળી જશે તેમ કહ્યું હતું. જ્યારે ગોવિંદારામે મહેશ ના પિતા ને ફોન કરી પૂછતા તેણે મહેશ સાત દિવસથી ઘરે ન હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે ગોવિંદ રામે ડિંડોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો વેપારીની શોધખોળ શરૂ કરી હતી.

પોલીસની એક ટીમ વેપારીની શોધખોળ કરવા જોધપુર પહોંચી હતી.જ્યાં ગણતરીના કલાકોમાં વેપારીને અપહરણ કર્તાઓથી છુટકારો મેળવવામાં સફળતા મળી હતી. પોલીસ વેપારીને જોધપુરથી સુરત લાવવા રવાના થઈ છે.

# સુરત ડ્રગ્સનું હબ બની રહ્યું છે, ઉમરવાડામાંથી 28 લાખના એમડી ડ્રગ્સ સાથે એક ઝડપાયો

**કાપડ** બજારમાં કામ કરતા ડ્રગ્સ આપનાર તમિલ સાથે મિત્રતા થઈ હતી



સુરતઃ સલાબતપુરા પોલીસ અને ઝોન-2ની ટીમે બાતમીના આધારે ઉમરવાડા નવી ટેનામેન્ટ બિલ્ડિંગના ફ્લેટમાંથી એક યુવકને રૂ.27.99 લાખના 279.9 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે યુવક પાસેથી 36 હજાર રોકડ અને મોબાઈલ મળી કુલ 28.65 લાખની મત્તા કબજે લીધી હતી.

પોલીસે સલાબતપુરા પોલીસે ઉમરવાડા નવી બિલ્ડિંગના ફ્લેટ નં.14માં દરોડા પાડ્યા હતા. પોલીસને દરોડા દરમિયાન ફ્લેટમાં કબાટમાં છુપાવેલું 27.99 લાખનું 279.9 ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. આ મામલે હાજર યુવકને પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આ જથ્થો અકબરી સૈયદના ટેકરા પર રહેતા તમિલ નામના ઈસમ પાસેથી લાવ્યો હતો. પોલીસે એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપાયેલા મોહમ્મદ અસલમ ઉર્ફે મારિયો મહેબૂબ ખાન પઠાણ (ઉં.વ.28) (મૂળ-ભરૂચ) વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. જ્યારે જથ્થો આપી જનાર તમિલને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે ડ્રગ્સ, 36 હજાર રોકડા અને મોબાઈલ મળી કુલ 28.65 લાખની મતા કબજે લીધી હતી.

### અગાઉ માર્કેટમાં મજૂરીકામ કરતા તમિલને મોહમદ અસલમ સાથે મિત્રતા થઈ હતી

અગાઉ આજથી 4 મહિના પહેલા તમિલ અને મોહમદ અસલમ માર્કેટમાં મજૂરી કામ કરતા હતા ત્યારે બંને વચ્ચે મિત્રતા થઈ હતી. બંને અવારનવાર ચા પીવા જતા ત્યારે જલદી પૈસા કમાવાની વાતો થતી હતી. દરમિયાન બંને નોકરી છૂટી જતાં તમિલે અસલમને ડ્રગ્સનો ધંધો કરવાનો પ્લાન બતાવ્યો હતો, જેમાં તે પોતે પૈસાનું રોકાણ કરશે અને જથ્થો લાવશે. ખાલી જથ્થો અસલમના ઘરે રાખવાનો અને ત્યારબાદ છૂટકમાં વેચાણ કરવાનું નક્કી થયું હતું. તમિલ અગાઉ NDPS (ડ્રગ્સ અને કોરેક્સ સીરપ)ના ગુનામાં પકડાયો પણ હોવાનું અસલમને જણાવ્યું હતું. જેથી અસલમ જલદી પૈસા કમાવા આ ધંધામાં આવ્યો ને પહેલી વખતમાં પકડાઈ ગયો હતો.

## ચોક બજારમાં 3 લાખના એમડી ડ્રગ્સનો સપ્લાયર ઝડપાયો

સુરતઃ ક્રાઈમ બ્રાન્ચે ગત તા.27મીના રોજ ઉત્રાણ રેલવે ઓવરબ્રિજ પાસેથી 3 લાખનાં એમડી ડ્રગ્સ સાથે બે આરોપીને ઝડપી પાડ્યા હતા. બંને આરોપીને ડ્રગ્સ સપ્લાય કરનાર વોન્ટેડ આરોપીને પણ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં પકડી પાડ્યો છે.

ગત 27 જુલાઈ-2025ના રોજ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બે આરોપી મિત રામજીભાઈ કરિયાવરા અને કેતનભાઈ ઉર્ફે વકીલ મનસુખભાઈ પટેલને પકડ્યા હતા. તેમની પાસેથી 30.150 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (MD) કિં.રૂ. 3,01,500 આંકવામાં આવી હતી. આ ડ્રગ્સનો જથ્થો સુરતના ભાઠેના ખાતે રહેતા ઈમરાન ફિરોઝ શેખ (ઉં.વ.27) એ મોકલ્યાનું બહાર આવ્યું હતું. 31 જુલાઈએ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોકબજાર વિસ્તારમાંથી ઈમરાન ફિરોઝ શેખ (રહે.,પંચશીલનગર ઝૂપડપટ્ટી, ભાઠેના, મૂળ-મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં હાલમાં ડ્રગ્સની હેરાફેરીના અનેક કિસ્સા વધી ગયા છે.

# દસેક દિવસથી એરોબિક્સ જોઈન્ટ કર્યું હતું, કસરત કરીને ઘરે આવ્યા ને મોત

**અશ્વિનીકુમાર** રોડ પર રહેતો યુપીવાસી શ્રમજીવી યુવક પણ ઘરે અચાનક બેભાન થયો ને મોત ભેટી ગયું, બંનેનાં મોત હાર્ટ એટેકથી થયાની આશંકા

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થયા બાદ મોતને ભેટવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. પુણાનો યુવક સવારે કસરત કરીને ઘરે આવ્યા બાદ બેભાન થઈ ગયા બાદ મોત થયું હતું. અન્ય બનાવમાં એ.કે. રોડ પર એકતાનગર ઝૂંપડપટ્ટીમાં રહેતા યુવકનું બેભાન થતા મોત થયું હતું.

મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના વતની અને હાલ પુણા અર્ચના સ્કૂલની બાજુમાં સીતારામ સોસાયટી વિભાગ-૧માં ૪૮ વર્ષીય ગોવિંદભાઈ મેઘાભાઈ કલસરિયા રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. ગોવિંદભાઈ છેલ્લા દસેક દિવસથી એરોબિકમાં કસરત કરવા માટે જતા હતા. આજે વહેલી સવારે ગોવિંદભાઈ નિત્યક્રમ મુજબ કસરત કરીને ઘરે આવ્યા બાદ એકાએક બેભાન થઈ ઢળી પડ્યા હતા. તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા.

બીજા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશનો અને હાલ એ.કે. રોડ પર એકતાનગર ઝૂંપડપટ્ટીમાં રહેતો ૨૧ વર્ષીય સુધીર રાકેશ ગૌતમ એમ્બ્રોઇડરીના ખાતામાં કામ કરતો હતો. ગઈકાલે રાત્રે સુધીર ઘરે એકાએક બેભાન થઈ ગયો હતો અને મોતને ભેટ્યો હતો. બંનેના મોત હાર્ટ એટેકથી થયા હોવાની શંકા તબીબોએ વ્યક્ત કરી છે.

# વરિયાવી બજાર પાલિયા ગ્રાઉન્ડ પાસે ખુલ્લામાં ધમધમતા અડ્ડા પર રેડ, 15 નશાબાજ ઝડપાયા

**પોલીસની** રેડ જોઈને નાસભાગ મચી, પોલીસે કોર્ડન કરી અનેકને ઝડપી પાડ્યા, પીઠું ચલાવતો બુટલેગર બાબા ઉર્ફે જાફર ફરાર

**બિયર-વ્હીસ્કી** સહિત વિદેશી દારૂ પીવા સુધીની તમામ સવલત ઉપલબ્ધ, પેમેન્ટ કરવા દારૂડિયાઓને ક્યુઆર કોડની પણ સુવિધા



### ઝડપાયેલા આરોપીઓ

» વિકાસ રમાશ્રે મિશ્રા - વિવેકાનંદ ટાઉન, પાળણપુર જગતનાકા, રાંદેર » સોનુ હરિબોલા કહાર - વરિયાળી બજાર » અલ્તાફ ઉમર સેલોટ - રાંદેર બસસ્ટેન્ડ નજીક, બોકલ ફળીયુ »ગૌરન પ્રફુલ ધોળારીયા - ધનરાજ સોસાયટી, કતારગામ » હર્ષ વિનોદ પટેલ - મંગલગુરૂ સોસાયટી, વેદ રોડ, કતારગામ » સાગર કનૈયાલાલ જરીવાલા - વંસત વિલા એપાર્ટમેન્ટ, મહિધરપુરા » જયદીપ રમેશ અમબાળિયા - નિલકંઠ સોસાયટી, કતારગામ » પરેશ નાંજી પરમાર - સંગમ ફ્લેટ, ડભોલી, કતારગામ » પ્રિન્સ પ્રદીપ શ્રીવાસ્તવ - સ્મૃતિ સોસાયટી, કતારગામ » ફરોઝ યામિન સિદીકી - હાજીજી બિલ્ડિંગ, સૈયદપુરા » મોહસિન ગુલામહુસેન શેખ - મોમનવાડ, ગોપીપુરા 12. ફર્માન ઈક્રમ શેખ - હાજીજી બિલ્ડિંગ, સૈયદપુરા » રિહાન ઈક્રમ શેખ - હાજીજી બિલ્ડિંગ, સૈયદપુરા » આમિરખાન સાજિદખાન પઠાણ - હાજીજી બિલ્ડિંગ, સૈયદપુરા » વિશાલ મહેન્દ્ર નાયક - વરિયાવી બજાર

**ફરાર આરોપીઓ:**

» બાબા ઉર્ફે જાફર મોહમ્મદ પઠાણ - ધસ્તીપુરા, પાલિયા ગ્રાઉન્ડ પાસે » દારૂ સપ્લાયર (અજાણ્યો ઇસમ)

સુરતઃ લાલગેટ પોલીસ સ્ટેશનની હદમાં વરિયાવી બજાર નજીક ધસ્તીપુરામાં સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે દરોડા પાડી ખુલ્લેઆમ ચાલતું દારૂનું પીઠું ઝડપી પાડ્યું હતું. પોલીસે દરોડા દરમિયાન 15 આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસે 2.90 લાખનો વિદેશી દારૂ સહિત 5.27 લાખની મત્તા કબજે લીધી હતી.

સ્ટેટ વિજિલન્સ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગત 30મીની રાત્રે વિજિલન્સની ટીમે લાલગેટ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં વરિયાવી બજાર નજીક ધસ્તીપુરામાં ખુલ્લા મેદાનમાં ચાલતા દારૂનાં પીઠા પર દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન દારૂ પીવા આવેલા લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસની ટીમે કોર્ડન કરી દારૂ પીવા આવેલા અને દારૂનું વેચાણ કરતા 15 લોકોને ઝડપી લીધા હતા.

આ દારૂના અડ્ડા પર દારૂ લેવા આવનારને ક્યુઆર કોડ દ્વારા ઓનલાઈન પેમેન્ટની સુવિધા આપવામાં આવતી હતી. જ્યાં અડ્ડા પર ખુલ્લામાં બિયર બાર સમાન સુવિધાથી સજ્જ દારૂનું પીઠું ચાલતું હોવાનું જોઈ વિજિલન્સ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે દરોડા દરમિયાન 2.90 લાખની 993 દારૂની બોટલો, 16 હજાર રોકડા, 2 લાખના 21 મોબાઈલ ફોન મળી કુલ્લે 5.27 લાખની મત્તા કબજે લીધી હતી.

# વડોદની પાણીની ટાંકી 10 વર્ષમાં જ જર્જરિત, પાણી લીકેજ થયાના સમાચારથી મનપાનું તંત્ર દોડતું થયું

**સોશિયલ** મીડિયાના ફોટા-વિડીયોમાં ટાંકીનાં પગથિયામાં સળિયા દેખાડી તૂટી પડવાની ભીતિ વ્યક્ત કરાતાં ચિંતાના માહોલ

સુરત : છેલ્લા થોડા સમયથી સરકારી કામો જેવા કે બ્રિજ, રસ્તા અને સરકારી ઈમારતો તૂટી જવાની ઘટનાઓ વધ્યા બાદ સરકારી કામોમાં ઈજારદાર, અધિકારીઓ અને નેતાઓની મિલીભગતમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચ્યો હોવાની ટીપ્પણી થઈ રહી છે. ત્યારે સુરત મનપા દ્વારા વડોદમાં બનાવાયેલી પાણીની ટાંકી એક જ દાયકામાં ખખડી જતા જર્જરિત થઈ ગઈ હોવાના વિડિયો અને ફોટો વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે. જો કે શાસકો દ્વારા આ ટાંકીનું રીપેરીંગ ચાલી રહ્યું હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે.



મળતી વિગતો મુજબ મનપા દ્વારા 2015માં વડોદ ખાતે 15 લાખ લીટરની ક્ષમતાવાળી પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. આ ટાંકી ખખડી ગઈ હોવાના દાવા સાથે સોશિયલ મીડિયામાં ટાંકીના પગથીયામાં સળીયા દેખાતા હોય તેમજ ટાંકીમાં ઠેર ઠેર પ્લાટસ્ટરના પોપડા ઉખડી ગયા હોવાના ફોટો, વિડિયો વાયરલ થવા સાથે આ ટાંકી ભયજનક હોવાથી ગમે ત્યારે તૂટી પડે તેવી ભીતિ વ્યકત કરવામાં આવી હતી. ઉપરાંત આ ટાંકીમાંથી પાણી લીકેજ થઈને આસપાસ ફેલાયું હોવાની પણ ચર્ચા ઉઠી હતી.

### ટાંકી મજબૂત છે, ચિંતાનું કોઈ કારણ નથી: મનપા પાણી વિભાગના કાર્યપાલક ઈજનેર

જો કે મનપાના પાણી વિભાગના કાર્યપાલક ઇજનેર મીનેષ પટેલે જણાવ્યું હતું કે, આ ટાંકી જેમાંથી ભરવામાં આવે છે તે અંડરગ્રાઉન્ડ ટાંકીનો વાલ ખરાબ થયો હોવાથી થોડું પાણી નીકળ્યું હતું, જે તુંરત રીપેર કરી દેવાયો છે. બાકી પાણીની ટાંકી મજબૂત છે, ચિંતાનું કોઇ કારણ નથી.

### રાંદેરની યુવતીએ લગ્ન માટે યોગ્ય પાત્ર નહીં મળતાં આપઘાત કરી લીધો

સુરતઃ રાંદેર ખાતે રહેતી યુવતીએ યોગ્ય પાત્ર નહીં મળતા અવારનવાર સગાઈ તૂટી જવાના ટેન્શનમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.રાંદેરની પાલિયાવાડ સ્ટ્રીટમાં રહેતી 22 વર્ષીય જોહરા બેગમ ઇરફાન સૈયદના પિતા છૂટક મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જોહરાને યોગ્ય પાત્ર નહીં મળતા અવારનવાર સગાઈ તૂટી જતી હતી. જેના ટેન્શનમાં બુધવારે બપોરે જોહરાએ ઘરે પંખાના હૂક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ રાંદેર પોલીસ કરી રહી છે.

## રાણી તળાવના બિલ્ડરને બાંધકામ તોડાવવાની ધમકી આપી 10હજાર પડાવી લીધા

**મીર્ઝાસ્વામી** રોડ ઉપર રહેતા રીઝવાન આઝાદ સામે બિલ્ડર સરફરાજ ચીચીની ફરિયાદ

સુરતઃ રાણીતળાવ ખાટકીવાડમાં રહેતા બિલ્ડર પાસેથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આરટીઆઈ અને ફરિયાદ કરીને બાંધકામ તોડાવી નાંખવાની ધમકી આપી યુવકે રૂ. ૧૦,૦૦૦ની ખંડણી વસૂલી હતી.

સરફરાજ અફજલ ચીચી બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સૈયદપુરામાં 'તાહા પેલેસ' નામે તેઓ બિલ્ડિંગ બનાવી રહ્યાં છે ત્યાં તારીખ ૨૭ જુલાઈના રોજ રીઝવાન અબ્દુલરબ આઝાદ (રહે. આઝાદ મંઝીલ, મિર્ઝાસ્વામી રોડ, મુગલીસરા) ત્યાં આવીને બાંધકામ સાઈટના ફોટા ખેંચવા લાગ્યો હતો. તેણે ધમકી આપી કે 'આ બાંધકામ ગેરકાયદે છે, જો તું મને ૫૦ હજાર નહીં આપે તો હું આ ફોટા સુરત મહાનગરપાલિકામાં મોકલી ડિમોલીશન કરાવી દઈશ.' જ્યારે સરફરાજે તેને પ્રતિસાદ આપ્યો કે 'તારે થાય તે કરી લેજે, હું તારા જેવી ધમકીઓથી ગભરાતો નથી', ત્યારે ઉશ્કેરાયેલા રીઝવાને વધુ ધમકી આપતા કહ્યું કે 'હું મારા માણસો મારફતે તારા હાથ ટાંટિયા તોડાવી દઈશ અને પાલિકામાં આરટીઆઈ કરીને તારું બાંધકામ તોડાવી દઈશ.' ધમકીઓથી ભયભીત થયેલા સરફરાજે પોતાના બાંધકામના ફોટા ન્યૂઝ પેપર અને સોશ્યલ મીડિયા પર વાયરલ ન થાય અને ડિમોલીશન ટળે તે માટે રીઝવાનને રૂ.૧૦,૦૦૦ આપ્યા હતા. સરફરાજ ચીચીએ લાલગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રીઝવાન આઝાદ સામે ધમકી આપવાનો અને પૈસાની રકઝક કરવાનો ગુનો દાખલ કર્યો છે.

# સુમુલ ડેરી રોડની ડાયમંડ કંપનીની ઓફિસના સેફ લોકરમાંથી ૪.૯૮ લાખની ચોરી

**ઓફિસની** પાછળની બારીની ગ્રીલ તોડી પ્રવેશેલા તસ્કરો કેમેરામાં કેદ

સુરતઃ સુમુલડેરી રોડની ડાયમંડ મશીન મેનુફેક્ચરિંગ કંપનીની ઓફીસમાં ત્રાટકેલા તસ્કરો સેફ લોકરમાં મુકેલા રોકડા રૂપિયા ૪,૯૮,૭૪૦ ની મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

અમરોલી વૃંદાવન સોસાયટીમાં રહેતા કેતન વિરાણી સુમુલડેરી રોડ સરદાર નગર સોસાયટી ખાતે કર્મા ટેકનોલોજીના નામે ડાયમંડ મશીન મેનુફેક્ચરીંગની ઓફિસ ધરાવે છે. તા.30 જુલાઈની રાત્રે તસ્કરોએ તેમની ઓફીસને નિશાન બનાવી હતી સેફમાં મુકેલા રોકડા રૂપિયા ૪,૯૮,૭૪૦ ની મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા. જોકે ચોરી કરવા આવેલા ચાર ઈસમો સીસીટીવીમાં કેદ થયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે યોજાતી છઠ્ઠી જૈન સુપર સ્પીકર સ્પર્ધાનો 3જી ઓગસ્ટથી પ્રારંભ

સુરતઃ પ્રતિ વર્ષની જેમ છેલ્લા 31 વર્ષથી યોજાતી, 'ધ સુપર સ્પીકર એન્ડ કલચરલ કોન્ટેસ્ટ' અંતર્ગત આ વર્ષે 'છઠ્ઠી જૈન સુપર સ્પીકર એન્ડ કલ્ચરલ કોન્ટેસ્ટ' રવિવાર તા.3જી ઓગષ્ટની સવારે ૯/૦૦ કલાકે રોટરી હોલ, જીવનભારતી, નાનપુરામાં, મેયર દક્ષેશ માવાણીનાં હસ્તે શરૂ થશે. અતિથિ વિશેષ તરીકે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિ.નાં વાઇસ ચાન્સેલર કિશોરસિંહ મહિડા અને ડે.કલેકટર નેહાબેન સવાણી વિદ્યાર્થીઓને મોટીવેટ કરશે. આ નાનકડા ઉદ્ઘઘાટન સમારોહ બાદ તરત જ સ્પર્ધાઓ શરૂ થશે. સર્વપ્રથમ સ્તવન ગાન સ્પર્ધા યોજાશે, એ પછી આશરે બપોરે એક વાગ્યે વક્તૃત્વ સ્પર્ધા અને પછી આશરે પાંચ વાગ્યે જૈન પુસ્તક પરીચય સ્પર્ધા યોજાશે. દરેક સ્પર્ધા ચાર ગ્રુપમાં, અનુક્રમે એ ગ્રુપ ધો. ૫ થી ૮., બી ગ્રુપ ધો. ૯ થી ૧૨, સી ગ્રુપ કોલેજો અને ડી ગ્રુપ ખુલ્લા વિભાગ પ્રમાણે રહેશે. સ્પર્ધાઓ ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં થશે. બધી જ સ્પર્ધાઓ નિ:શુલ્ક રહેશે અને જૈન-અજૈન, ઓપન ટુ ઓલ રાખવામાં આવી છે. આ આખાયે દિવસની બધી સ્પર્ધા ઓફલાઇન એટલે કે રોટરી હોલ, જીવનભારતી, નાનપુરામાં થશે. ત્યારપછી બીજા દિવસથી, તા. 4થી 7મી સુધી દરરોજે સાંજે સાત કલાકે ઓનલાઇન ઝુમ ઉપર ઉપર પ્રમાણે જ સ્તવન ગાન, વક્તૃત્વ સ્પર્ધા, પુસ્તક પરિચય સ્પર્ધા યોજાશે અને છેલ્લે દિવસે 7મીએ કવીઝ કોન્ટેસ્ટ યોજાશે, જેમાં બધાનું એક જ ગ્રુપ રહેશે. વક્તૃત્વ અને નિબંધોનાં વિષયો અલગ અલગ રહેશે. બાકીના બધા નિયમો ઓફલાઇન અને ઓનલાઇન સ્પર્ધાઓના એક સરખા જ રહેશે. વધુ માહિતી માટે સંયોજક નરેશભાઈ કાપડિયાનો સંપર્ક કરવાનો રહેશે.

### પુત્રીના હૃદયથી પિતાની આત્મકથા 'બિલ્લો ટિલ્લો ટચ' પર મનીષા પાનવાલાની અંતર્મુખી રજૂઆત

સુરતઃ SRK ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ (SRKIS) દ્વારા આયોજિત "જીવન સાંનિધ્ય" શ્રેણી અંતર્ગત 49મું વક્તવ્ય તા.4 ઓગસ્ટ, 2025ના રોજ સાંજે 5:45થી 7:30 સુધી સુરતના તારામોતી હોલ, MTB કોલેજ કેમ્પસ, ચોપાટી ખાતે યોજાશે. આ વિશિષ્ટ વક્તવ્યમાં લેખિકા, સંપાદક અને મોટિવેશનલ સ્પીકર ડો. મનીષા પાનવાલા પ્રખ્યાત ગુજરાતી સાહિત્યકાર ગુણવંત શાહ દ્વારા લખાયેલી આત્મકથા બિલ્લો ટિલ્લો ટચ પર હૃદયસ્પર્શી અને આત્મીય રજૂઆત આપશે. મનીષાબેન તેમના પિતા ગુણવંત શાહના બાળપણ, શિક્ષણજીવન, અધ્યાપનના અનુભવો, સાહિત્યસાધના અને વ્યક્તિત્વના વિવિધ પાસાઓ સાથે સંબંધિત ઘટનાઓને પુત્રી તરીકેના દૃષ્ટિકોણથી રજૂ કરશે.

### ગાંધી ઇજનેરી કોલેજમાં Rock Your LinkedIn Profile સેમિનાર યોજાયો



સુરતઃ ડો. એસ. એન્ડ એસ.એસ. ગાંધી સરકારી ઇજનેરી કોલેજના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ તથા ISTE સ્ટુડન્ટ્સ ચેપ્ટર દ્વારા રોક યોર લિંક્ડઇન પ્રોફાઈલ વિષયક વિશિષ્ટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. D-Vivid Consultantના સ્થાપક અને જાણીતા કારકિર્દી માર્ગદર્શક દર્શન શાહનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેમિનારમાં કોલેજની વિવિધ શાખાના 300થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને LinkedIn પર પોતાની વ્યાવસાયિક ઉપસ્થિતિ મજબૂત બનાવવા માટે માર્ગદર્શન આપવાનો હતો.

### ICMAI સીએમએ ડિસેમ્બર ટર્મ પરીક્ષા માટે પ્રવેશની તારીખ લંબાવીને 8 ઓગસ્ટ કરી

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટ ઓફ ઇન્ડિયા દ્વારા સીએમએ ડિસેમ્બર ટર્મની પરીક્ષા માટેના એડમિશનની તારીખ 31 જુલાઇ 2025 જાહેર થઈ હતી, પરંતુ હાલ તે લંબાવાઈ છે. હવે તા.8 ઓગસ્ટ, 2025 સુધી વિદ્યાર્થીઓ એડમિશન લઈ શકે છે.

### ધી સુરત ટેક્સટાઇલ ક્લબમાં સાઇબર સિક્યોરિટી સેમિનાર યોજાયો



સુરતઃ ધી સુરત ટેક્સટાઇલ ક્લબમાં સાઇબર સિક્યુરિટીના સેમિનારમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન તેમજ ક્લબના સભ્યોને પ્રમુખ મુકેશભાઇ મનીલાવાલાએ પ્રથમ આવકાર આપ્યો અને ત્યારબાદ મુખ્ય મહેમાન PI D.V. ગામીતનું પુષ્પગુચ્છથી તેમજ સ્મૃતિ ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાન PI D.V. ગામીતે સાઇબરક્રાઇમ ન થાય તેને માટે શું શું કાળજી રાખવી તે બાબતે પ્રવચન આપ્યું, જેના દ્વારા સભ્યોને ખૂબ જ સુંદર માર્ગદર્શન મળ્યું હતું. અંતમાં ઉપપ્રમુખ વત્સલભાઈ ચેવલીએ આભારવિધિ કરી હતી. સભાનું સંચાલન નરેન્દ્રભાઇ જરીવાલાએ કર્યું હતું.

### વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ કોલેજમાં એન્ટી-રેગિંગ અને સાઇબર ક્રાઇમ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો



સુરતઃ પાંડેસરા ખાતે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ કોલેજમાં તા.૧૬ જુલાઈ, ૨૦૨૫ના રોજ એન્ટી-રેગિંગ કાયદા અને સાઇબર ક્રાઇમ વિષયક જાગૃતિ સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે એડવોકેટ હેતા દેસાઈ (લિગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલર, DLSA, સુરત) ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને રેગિંગના કાનૂની પરિણામો અને સાઇબર ગુનાઓથી બચવાના ઉપાયો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમમાં 200 જેટલા FYBCAના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આયોજન ડો. પૂજા પંચાલે અને સંચાલન પ્રોફ. પાયલ ચોકસીએ કર્યું હતું. સંસ્થાના સંચાલકો અને શિક્ષકમંડળની પણ ઉપસ્થિતિ રહી હતી.

### નેચરલ ફાર્મિંગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગેનો સેમિનાર યોજાયો



સુરતઃ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સમગ્ર સુરત જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગવંતી બનાવવા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. જે અંતર્ગત સુરત જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ હેઠળ ચોર્યાસી તાલુકાના મલગામા ગામે તારીખ ૩૧.૭.૨૦૨૫ નાં રોજ નેચરલ ફાર્મિંગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન (CRP) અનીલ પટેલ અને કૃષિ સખી પારુલ પટેલે ખેડૂતોને 'પ્રાકૃતિક કૃષિ' અને તેના ફાયદાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતુ.